જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૯/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૩૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨ | ૪,૦૭,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૩૪/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૩૫/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૩૬/૨૦૨૨</u>**

**નારોલઃ** ડુંગરરાજ ખીમારામ ડુકીયા (ઉ.વ.૩૯) (રહે. હરિદર્શનપાર્ક સોસાયટી મોની હોટલ પાસે ઈસનપુર) એ તા.૧૨/૦૯/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૧ થી તા.૦૫/૦૭/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ઉગ્રસેન ત્રિપાઠી (રહે. વૈદિહી સોસાયટી મોની હોટલ પાછળ ઇસનપુર) (૨) ધનજીભાઇ કાંતીભાઇ પરમાર (રહે. આશાપુરાનગર મોમાઇ સાઉન્ડ પાસે બહેરામપુરા) (૩) પ્રભુરામ ભલારામ ચૌધરી (રહે. સવાઉ પદમસિંહ બાડમેર રાજસ્થાન) (૪) પ્રવિણસિંહ છત્રસિંહ રાજપુત (રહે. રાજપુતનો વાસ કુમાંતીય પાલી રાજસ્થાન) (૫) સચીન સ/ઓ ઉગ્રસેન ત્રિપાઠી (રહે. વૈદિહી સોસાયટી મોની હોટલ પાછળ ઇસનપુર) (૬) મોહમદવસીમ મનજુરહુસેન શેખ (રહે. મોટીઅલી પોળ ડબગરવાડ દરીયાપુર) (૭) જે.ડી.ટ્રેડીંગના માલીક સંજયકુમાર મિશ્રા (ઠે. દુકાન નં.૧૬/૧૭ ફસ્ટ ફલોર સહજાનંદ કોમ્પ્લેક્ષ વૈભવ હોલ સામે ઇસનપુર) એ ભેગા મળી “મહાલક્ષ્મી ફેબ્રિક મીલ્સ” નામની કંપનીમાંથી ગ્રે-ફેબ્રીકનો જથ્થો ૨,૮૫,૬૨૭ મીટર કિમત રૂપિયા ૪,૨૮,૪૪,૦૫૦/- ચોરી કરી “શારધા એન્ટરપ્રાઈઝ” ના નામે બીલો બનાવી કંપનીને ગ્રે-ફેબ્રીક પ્રોસેસીંગનો ફક્ત જોબ ચાર્જ આપી તૈયાર કાપડ કંપનીમાંથી બહાર કાઢી લઈ “જે.ડી.ટ્રેડીંગ”ના પ્રોપરાઈટરને તથા અન્ય કાપડના વેપારીઓને બારોબાર સસ્તા ભાવે વેચી “મહાલક્ષ્મી ફેબ્રિક મીલ્સ” કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ સેક્ટર-૨ એસ.આઈ.ટી. ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એસ.બી.આચાર્ય ચલાવે છે.

**નારણપુરાઃ** જીગ્નેશ ભુપેન્દ્રભાઇ જોષી (ઉ.વ.૪૫) (રહે. પ્રગતિ સોસાયટી ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૧૨/૯/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જીગ્નેશ જોષી નાઓની જે.એમ.પી.સી.બીલ્ટલાઈન પ્રા.લી.નામની કંપનીના ભાગીદાર ડાયરેકટર (૧) તુષારભાઇ વિષ્ણુપ્રસાદ પટેલ (રહે. પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટ શ્યામલ રો-હાઉસ લેન-૫ સેટેલાઈટ) અને (૨) મનોજભાઇ પ્રહલાદભાઇ પટેલ (રહે. પામ ગ્રોવ એપાર્ટમેન્ટ સમભાવ પ્રેસ પાસે બોડકદેવ) એ ભેગા મળી તા.૦૬/૦૬/૨૦૧૯ થી તા.૦૩/૧૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા શાસ્ત્રીનગર પલ્લવ ચાર રસ્તા શિવાલીક યશ કોમ્પલેક્ષ વાડજ શાખા ખાતે પંજાબ નેશનલ બેંકમાં ચાલતા કંપનીના ખાતામાંથી બનાવટી અને ખોટી સહીવાળા ઓથોરીટી લેટર આધારે ચેકબુક મેળવી અલગ-અલગ ચેકમાં ડાયરેક્ટર તરીકે જીગ્નેશ જોષીના નામની ખોટી અને બનાવટી સહીઓ કરી કંપનીના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૬૯,૭૫,૬૨૨/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ** સુહૈલ અબ્દુલસમદ મેરતીયા (ઉ.વ.૩૮) (રહે. કલહાર બ્યુઝ એન્ડ ગ્રીન્સ મુનીબાપુ આશ્રમ નજીક બોપલ સાણંદ હાઇવે સાણંદ) એ તા.૧૨/૦૯/૨૦૨૨ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ ટીપી સ્કીમ નંબર ૮૫ (સરખેજ મકરબા-આફ્રોકા) એફ.પી નં.૧૫/૨ (આર.એસ. નં ૫૬૯) વાળી જમીન ઉપર સુહૈલ અબ્દુલસમદ મેરતીયાની પેઢીની જમીન ઉપર સમય મર્યાદામાં બાંધકામ કરી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી આરોપી (૧) જે.ડી.કન્સ્ટ્રકશન ના ડાયરેકટર મોહમંદહારૂન હાજીનુરમહમંદ લુહાર (રહે.બાગે મશીરા-૨, અંબર ટાવર સામે, ગજાલા ફાર્મની બાજુમાં સરખેજ) (૨) જે.ડી.કન્સ્ટ્રકશન ના મેનેજીંગ ડાયરેકટર મોહમંદહસનૈન મોહમંદહારૂન લુહાર (રહે.બાગે મશીરા-૨, અંબર ટાવર સામે ગજાલા ફાર્મની બાજુમાં સરખેજ) (૩) આકાશ શર્મા (૪) મોઇનઅખ્તર કુરેશી (૫) હનિફભાઇ સત્તારભાઇ ઘાંચી (રહે.લજઝુરીયા રેસીડન્સી, તૈયબા ફ્લેટની બાજુમાં અંબર ટાવર સરખેજ) અને (૬) રામસિંહ કરસનભાઇ દેસાઇ (રહે. દેવકુંજ એપાર્ટમેન્ટ, સત્તાધાર ચાર રસ્તા, ઘાટલોડીયા રોડ) એ ભેગા મળી હસનૈન રેસીડન્સી વાળી સ્કીમનુ બાંધકામ કરવા અંગેનું કામ મેળવી પેઢી પાસેથી રૂપિયા ૬,૫૨,૭૧,૬૨૬/- મેળવી લઈ તેમજ ફ્લેટ વેચાણ કરેલ તે મેમ્બરોના રૂપિયા ૨૯,૫૦,૦૦૦/- મેળવી લઇ સમય મર્યાદામાં કામ પુરૂ નહિ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૭/૨૦૨૨**

**ચાંદખેડાઃ** હર્ષાબહેન પરેશભાઇ મોદી (રહે. માન સરોવર રો-હાઉસ મહાવીર બી-બ્લોક્ની બાજુમાં આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્તેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૯/૨૦૨૨ રાતના ૯/૩૦ થી તા.૧૨/૦૯/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા વિસત ત્રણ રસ્તા ખાતે જોગણી માતાજીના મંદિરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મંદીરમાંથી ચાંદીનો મુગટ કિમત રૂપિયા ૧૬૦૦/- ચાંદીના છતર કિમત રૂપિયા ૨૧૦૦/- અને દાનપેટીમાંથી આશરે રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૬૩૮/૨૦૨૨**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કિરણબહેન બુધાભાઇ દંતાણી (ઉ.વ.૭૦)(રહે.ત્રીજો માળ, ઔડાના મકાનમાં, ફ્રુટ માર્કેટ પાસે, અશોકમીલ રોડ નરોડા) તા.૧૨/૦૯/૨૦૨૨ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે કવિ ન્હાનાલાલ ઓવરબ્રીજ નીચે પાર્કિંગમાં સાકાર-૪ બિલ્ડીંગ સામે બેઠા હતા દરમ્યાન કાર નંબર જીજે.૦૮.બીએસ.૬૫૯૬ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા કિરણબહેન ઉપર કારનુ ટાવર ફરીવળતા કિરણબહેનને ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કિરણબહેનના પુત્ર મુકેશભાઇ દંતાણીએ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી જી.કે.ભરવાડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૯/૨૦૨૨**

**ઘાટલોડીયાઃ** મેધાકુમારી વા/ઓ રાકેશકુમાર સિંઘ (ઉ.વ.૨૨) (રહે. બ્લોક નંબર એબી સરદારપટેલનગર શાસ્ત્રીનગર પેટ્રોલપંપ પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૯/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'ક' વિભાગ ચલાવે છે.

**રિવર ફ્રંટ ઈસ્ટઃ** સંજ્યભાઇ સ/ઓ ડાહ્યાભાઇ ગોહીલ (ઉ.વ. ૩૨) (રહે. નંદલાલની ચાલી કડી તા-કડી જી-મહેસાણા) એ બીમારીથી કંટાળી તા.૧૨/૦૯/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા પહેલા સુભાષબ્રિજ વોક-વે ઘાટ નંબર-૪ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવર ફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

**ઓઢવઃ** રીંકલ વા/ઓ જયકુમાર શ્રીમાળી (ઉ.વ.૨૫) (રહે. જીવન જ્યોત સાત માળીયા ઇન્દીરાનગરનો ટેકરો ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૯/૨૦૨૨ રાતના ૧૧/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી રેણુકાબહેન ઇશ્વરભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** ઓઢવ નેશનલ હેંડલુમની પાછળ શેડ નંબર-૪૧ શિવમ એસ્ટેટ નંબર-૨ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા શ્રવણ અમલુરામ બીશ્નોઇ (ઉ.વ.૨૫) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૯/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે શિવમ એસ્ટેટ ઓરડી નંબર-૧ ખાતે છતની એંગલ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી રેણુકાબહેન ઇશ્વરભાઇ  ચલાવે છે.

**રામોલઃ** પ્રેરણા ડો/ઓ અજયકુમાર શુકલા (ઉ.વ.૧૬)(રહે.વ્રજભુમી સોસાયટી ન્યુ આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૯/૨૦૨૨ સાંજના ૬/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

**નારોલઃ** મહેશભાઇ બાબુભાઇ પટેલ (ઉ.વ.૬૨)(રહેસંગમ રેસીડેન્સી નારોલ અસલાલી હાઇવે મહિન્દ્રા શો-રૂમ પાસે નારોલ) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૧૨/૦૯/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરના ચોથા માળેથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી